# પરિપત્ર

જાનં મક/આવિ/૨૦૧૮/૫૮
તકેદારી અધિકારીશ્રીની કચેરી
આદિજાતિ વિકાસ વડોદરા
કુબેર ભવન ૭મો માળ "આઈ" બ્લોક
રૂમ નં ૭૨૦, વડોદરા -૩૯૦૦૦૧
તારીખ : ૨/ ૫ /૨૦૧૮
ફોન નં ૦૨૬૫- ૨૪૨૨૨૬૩

પ્રતિ
આચાર્યશ્રી/ડીનશ્રી  તમામ
-----------------------------------------------
-----------------------------------------------
તાલુકો -------------------જીલ્લો વડોદરા.

વિષય: ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓન લાઈન કરવાના બાકી રહી ગયેલ <u>પ્રાથમિક શાળા ધો ૧થી ૮</u> તથા <u>માધ્યમિકશાળા ધો. ૯-૧૦</u> તથા <u>ધો ૧૧-૨ તથા કોલેજ કક્ષાના</u> અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુસુચિત જનજાતિ વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૧૭-૧૮ની શિષ્યવૃતિની દરખાસ્ત  તાત્કાલિક કરવા બાબત.

સવિનય ઉપરોકત વિષય પરત્વે જણાવવાનુ કે વર્ષ ૨૦૧૭-૧૮થી અનુ. જનજાતીના વિદ્યાર્થીઓની સ્કોલરશીપ ગુજરાત સરકારના ઓન લાઈન "ડીજીટલ ગુજરાત પોર્ટલ"થી ચુકવવાની કાર્યવાહી શરૂ થયેલ હતી. તેમા જે વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મ ભરેલ હતા અને આચાર્યશ્રી/ડીનશ્રી દ્વારા આ ઓનલાઈન ફોર્મ અત્રેની કચેરીને ફોરવર્ડ કરતા આ તમામ  વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચુકવાઈ ગયેલ છે. પરંતુ કોઈક કારણસર વિદ્યાર્થીઓ દ્વારા કે આચાર્યશ્રીઓ દ્વારા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓના ફોર્મ ઓનલાઈન કરી શકેલ નથી, અથવા આચાર્યશ્રી/ડીનશ્રી દ્વારા શિષ્યવૃતિના ફોર્મ એપ્રવુડ કરવાના બાકી રહી  ગયેલ હોય તેવા તમામને માટે સરકારશ્રી દ્વારા તા ૧/૫/૨૦૧૮ થી તા ૧૩/૫/૨૦૧૮ (દિન-૧૩)માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ રીઓપન કરેલ હોઈ બાકી રહી ગયેલ તમામ વિદ્યાર્થીઓના સમય મર્યાદામાં ઓન લાઈન ફોર્મ  ભરી, આચાર્યશ્રી દ્વારા ફોર્મ એપ્રવુડ કરી, શિષ્યવૃતિના ઓન લાઈન ફોર્મની હાર્ડ કોપીમાં  સહી/સિક્કા સાથે  જરૂરી આધાર પુરાવા સહિત તાત્કાલિક અત્રેની કચેરીને  મોકલી આપવા જણાવવામાં આવે છે.

તકેદારી અધિકારી
આદિજાતિ વિકાસ
વડોદરા

ક્રમાંક/ક-૩/પર૩૨૪૭/૨૦૧
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
...ભાગ, વડોદરા-૩૯૦ ૦૧૮
તારીખ : ૭/૫/૨૦૧૮

પ્રતિ
આચાર્યશ્રી,
જીલ્લાના તમામ ગ્રાન્ટેડ મા(ધ્યમિક) શાળાઓ તથા ગ્રાન્ટેડ પ્રા.શાળાઓ
ઉચ્ચ ગ્રાન્ટેડ સ્કૂલો (સરકારી સ્કૂલો) તાત્કાલિક અમલ કરવા સારૂ.

જીલ્લા શિક્ષણાધિકારી